

# ગુંજ

"ગુંજ" એક નવી પહેલ - જે વિધાર્થિઓ અને વિવિધ ક્ષેત્રમાં કાર્યરત યુવક યુવતીઓ દ્વારા સમાનતા આધારીત ન્યાયપૂર્ણ સમાજ રચના માટેનો એક ઉમદા પ્રયાસ છે.

અમારી સફરની શરૂઆત - તકવંચિત બાળકોના વિકાસ માટેની વિવિધ તકો ઉભી કરવી, જે અમે અમારા બાળપણ અને વિધાર્થીકાળ દરમિયાન માણેલી. અમે દ્રૂઢપણે માનીયે છીએ કે, દરેક બાળક ખાસ છે, વિશિષ્ઠ છે. દરેક બાળક પોતાનું સ્વપ્ન અને મહત્વકાંક્ષા પૂરી કરવાને હકદાર છે.

અમારું ધ્યેય - સામાજિક વિભાજન "હોવુ અને ના હોવુ" જેમ કે સમૃધ્ધ અને ગરીબ વચ્ચેની શિખવાની તક, અભિદર્શન, જાણકારી, જ્ઞાન પ્રાપ્તિ અને વિકાસ માટેની ઉપલબ્ધ સામાજીક અસમાનતાઓ અને વિષમતાઓને પડકારી દરેક બાળક માટે સશકિતકરણ રુપી પ્રેરણા - પ્રકાશ પુરો પાડી નવી કેડીઓ કંડારવી.

આ ઉદેશ્યના ભાગરૂપે આજે અમે ૧૨ થી ૧૪ વર્ષની ઉંમરના ૪૦ બાળકો સાથે કાર્યરત છીએ. અમારો પ્રયાસ છે બાળકોને સુરક્ષિત, વિશ્વાસનીય અને બિનપક્ષપાતિ લિંગ, જાતિ, ધર્મ, વર્ણ અને વર્ગ આધારિત ભેદભાવ પ્રત્યે જાગૃત અને સંવેદનશીલ બને. ગુંજ એક એવી જગા છે જયાં દરેક બાળક મુકતપણે વિહરી અને વિકસી શકે છે. જયાં બાળકો તેમના પ્રશ્નો ડર અને સંદેહ વિના ખુલ્લા મને ચર્ચા કરી શકે છે. માહિતી, જ્ઞાન અને જાણકારીની આપ-લે કરી શકે છે. એક બીજાના સાથ અને સહકારથી પોતાનામાં રહેલ આગવી શકિતઓને ખીલવી શકે છે.

ગુંજ બાળકમા ઉજ્જવલ નેતૃત્વ ખીલવવાની સાથે સાથે વિવિધ કૌશલ્યલક્ષી અને ક્ષમતાવર્ધક પ્રશિક્ષણ દ્વારા જીવન પ્રત્યે એક સકારાત્મક અભિગમ કેળવી પોતાની એક આગવી સન્માનીય "ઓળખ" પ્રસ્થાપિત કરી શકે તે માટે પ્રયત્નશીલ છીએ. અમારું લક્ષ છે બાળક પોતાનામાં રહેલી આંતરીક શકિતઓને ઉજાગર કરી પોતાનું વ્યકિતત્વ ખીલવવાની ક્ષિતિજો વિસ્તારી શકે તેમજ સ્વ અને અન્ય માટે આદર અને ગૌરવની લાગણીઓનું સિંચન કરી શકે.

અમે એકબીજાનો સાથ નિભાવતા, એક એક પળોને માણતા
અમારી ખુશીઓ વહેંચતા, સંભાળતા, સંવારતા
આત્મતૃપ્તિની ઉડાણ ઉંડી રહયા છીએ.........

આવો,
આત્મતૃપ્તિની સફરમા અમારી સાથે જોડાવો
બાળકોના ધબકતા હદયો તમારા ચહેરા પરના સ્મિતનુ કારણ બનશે

વેબસાઇટ: www.olakh.org.in
ઈમેલ: olakh.space@gmail.com
ફોન: +૯૧ ૨૬૫ ૨૪૨૬૪૨૮, ૨૪૬૬૦૩૦
ઓળખ Olakh